ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૩ ટકા

# વાવોલમાં મતદાતા જાગૃતિ અભિયાન રેલી યોજાઈ

## વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ તથા હેપ્પી યુથ કલબના સંયુક્ત ઉપક્રમે રેલીનું આયોજન : રાજયમાં ઠેર ઠેર ચૂંટણી બહિષ્કાર જાહેર થાય છે ત્યારે વાવોલ સોસાયટી વિસ્તારના રહીશોનો હકારાત્મક અભિગમ

ગાંધીનગર, તા.૨

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષીને તારીખ ૨જી ડિસેમ્બર શનિવારના રોજ સવારે ૯ થી ૧૨વાગ્યા દરમ્યાન વાવોલ ખાતે મતદાતા જાગ્રુતિ અભિયાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને જિલ્લા શિક્ષણાધિકારી એસ. એમ. બારડ તથા જિલ્લા શિક્ષણ ઈન્સ્પેક્ટર ભરતદાન ગઢવીએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીમાં વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના સભ્યો, હેપ્પી યુથ કલબના હોદ્દેદારો તેમજ અશ્વિનભાઈ કોમર્સ કોલેજ તથા સરકારી વિજ્ઞાન કોલેજના એનએનએસ યુનિટના ૧૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા. એક તરફ રાજ્યમાં જયાં મતદાનના બહિષ્કાર જેવા સમાચારો પ્રગટ થતા રહે છે તેવી પરિસ્થિતિમાં શૈક્ષણિક કે સરકારી સંસ્થા સિવાય સ્વૈચ્છિક સંગઠન અને નાગરિકો દ્વારા "સો ટકા મતદાન માટે જાગ્રુતિ"નો ગાંધીનગરમાં કદાચ આ પહેલો પ્રયાસ છે.

વાવોલની દ્વારકેશ રેસિડેન્સી સોસાયટીથી પ્રારંભ થયેલ આ અનોખી મતદાતા જાગ્રુતિ અભિયાન રેલી વાવોલના નવવિકાસિત સોસાયટી વિસ્તારની તમામ સોસાયટીઓમાં ફરી હતી જયાં સ્વયંસેવકોએ સુત્રોચ્ચાર સાથે નાગરિકોને સમજાવ્યાં હતા કે "મતદાન કરવું એ દરેક મતદાતાનો અધિકાર જ નહિ ફરજ પણ છે". આ સાથે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના સભ્યોએ પણ વાવોલના રહીશોને આપણા પ્રદેશના ઉજ્જવળ ભાવિ માટે યોગ્ય ઉમેદવારને મત આપવા અથવા નોટાનું બટન દબાવવા મતદાતાઓને જાગ્રુત થવા આહ્વાન કર્યુ હતુ. આ રેલીમાં લોકશાહીના પવિત્ર પર્વના મહત્વને જન જન સુધી પહોચાડી સો ટકા મતદાન કરવા સૌને પ્રેરિત કરવામાં અવ્યા હતા. રેલીમાં સ્વયંસેવકોએ "મતદાર જાગે, દેશ જાગે", "ભુલો ભલે બીજુ બધુ પણ મતદાન ભુલશો નહી", "સો ટકા મતદાન, લોકશાહીનો પ્રાણ" અને "સબસે અચ્છી ક્યા બાત? ઉંગલી પે મતદાન કા નિશાન" જેવા સુત્રો પોકાર્યા હતા.





મતદાતા જાગ્રુતિ અભિયાન અંતર્ગત વાવોલના નવવિકસિત સોસાયટી વિસ્તાર ઉપરાંત વાવોલ ગામને પણ આવરી લેવાયું હતું. દ્વારકેશ રેસિડેન્સીથી પ્રારંભ થયેલ રેલી શાંતિવન, શાલીન-૨, વૈદેહી, શુભમ્, કેશવપાર્ક, શાલીન-૧ અને ૩, સંકલ્પ રોયલ, શાલીન-૪, ગ્રીનપાર્ક, કિર્તિધામ, ચંદ્રલોક, શાલ્વિક શુકન વગેરે સોસાયટીઓ થઈને ગામમાં ગ્રામ પંચાયત, ભાગોળ, તળાવ, ગ્રીનસિટી, વિજય અને અંકુર એપાર્ટમેન્ટ થઈ શાલીન-૨ ખાતે સમાપન પામી હતી. અહીં તમામ સ્વયંસેવકોને વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા ભોજન કરાવાયું હતું. રેલીના રૂટ દરમ્યાન પણ દરેક સોસાયટી ખાતે પીવાના પાણી અને અમુક સ્થળે ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર રેલીનું ચુંટણી પંચની જે. આઈ. પટેલની ટીમ દ્વારા વિડિયોગ્રાફી સાથે નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. રેલીને તમામ વિસ્તારમાં આવકાર મળ્યો હતો અને નાગરિકોએ ૧૦૦ ટકા મતદાન કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સેન્ટ્રલ યુનિવર્સિટી સે-૩૦માં વિદ્યાર્થી સાથે રેગીંગ...!

## સિનિયર વિદ્યાર્થીએ રેગીંગ શરૂ કરતા એન્ટી રેગીંગ સેલ અને પોલિસને લેખિત ફરિયાદ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થી સાથે તેના સિનિયર વિદ્યાર્થીએ રેગીંગ શરૂ કરતા ભોગ બનનાર વિદ્યાર્થીએ સિનિયર સામે કોલેજની એન્ટી રેગીંગ સેલ અને સ્થાનિક પોલિસને લેખિત અરજી કરી કડક કાર્યવાહી કરવા માંગ કરી છે. પોલીસે આજે કોલેજમાં જઈ તપાસ કરી પરંતુ રજા હોવાથી વિદ્યાર્થીઓ મળી ન આવતા ઉઘડતી કોલેજે ફરિયાદ દાખલ કરવા કાર્યવાહી કરશે.

મળતી માહિતી મુજબ સે-૩૦ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને વર્ષ ૨૦૧૬માં તેનો એક સિનિયર વિદ્યાર્થી કનડગત કરતો હતો અને આવતા જતા મશ્કરી કરી હેરેસમેન્ટ કરતો હતો. આ રેગીંગ મામલે વિદ્યાર્થીએ તે સમયે કોલેજની એન્ટી રેગીંગ સેલને ફરિયાદ કરતા મામલો શાંત પડી ગયો હતો. અને પોલિસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. જો કે છેલ્લા થોડા દિવસોથી તે જ સિનિયરે ફરીથી આ વિદ્યાર્થીને વિચિત્ર અવાજો કરીને બોલાવવાનું-ચિઢવવાનું અને વિદ્યાર્થીઓ વચ્ચે બદનામ કરવાનું કૃત્ય શરુ કરી રેગીંગ કરવાનું શરુ કરતાં ભોગ બનનાર વિદ્યાર્થીએ પુનઃ અરજી કરીને એન્ટી રેગીંગ સેલને અને પોલિસને કાર્યવાહી કરવા માંગ કરતા સે-૨૧ પોલિસ પણ તે દિશામાં દોડતી થઈ ગઈ છે.

# ફુટ્સલ રમતના ખેલાડીઓને એસોસિએશનની શુભેચ્છા

ગાંધીનગર, તા.૨

ફુટ્સલ રમતની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા સીનીયર નેશનલ ચેમ્પિયનશીપ તા. ૮મી થી તા.૧૨મી ડિસેમ્બર દરમિયાન ગોવાના પણજી ખાતે યોજાશે. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમ માટે રાજયના ફુટ્સલ રમતના ખેલાડીઓની પસંદગી વડોદરા ખાતે યોજાનાર રાજયકક્ષાની સ્પર્ધામાંથી કરવામાં આવશે.

ફુટ્સલ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ દિવ્યેશ ગોહિલ તેમજ મંત્રી ધર્મેશ પરમારે ગુજરાતની ટીમના સંભવિત ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી છે. ગુજરાત રાજયના ફુટ્સલના સંભવિત ખેલાડીઓમાં ઉત્સવ દેસાઈ, મિથિલેશ દેસાઈ, જાનમ સંઘવી, ઉમંગ અગ્રવાલ, દિક્ષાંગ વસાવા, ભવતિક પટેલ, દિગંત મિસ્ત્રિ, જેનલ મેકવાન, શ્રીહરિ નાયર અને અભિષેક શ્રીવાસ્તવનો સમાવેશ કરાયો છે. ગુજરાત રાજયનું નામ રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનીને રોશન કરે તથા ભારત દેશનું આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરે તેવી એસોસિએશને શુભેચ્છાઓ પાઠવી હોવાનું ગુજરાત ફુટ્સલ એસોસિએશનના પ્રવકતા આનંદ કાપડિયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સેકટર-૧૬ની માધ્યમિક શાળાના શિક્ષક મેજર સ્વ. થોરાતની યાદમાં પ્રાર્થનાસભા

ગાંધીનગર, તા.૨

એક જમાનામાં અત્યંત પ્રખ્યાત એવી સેકટર-૧૬ની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પ્રિય વ્યાયામ શિક્ષક એચ.એસ.



થોરાત એટલે કે મેજરની પાંચમી પુણ્યતિથિના અવસરે એક પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

મેજર થોરાતની પ્રાર્થના વિદ્યાર્થીઓને આકર્ષતી હતી એટલે એજ જગ્યાએ સેકટર-૧૬ની માધ્યમિક શાળા ખાતે દિનાંક ચાર ડિસમ્બર સોમવારે સવારે નવ થી સાડા નવ દરમિયાન એમની પ્રિય પ્રાર્થના અને હનુમાન ચાલીસાનું પઠન કરી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવશે. એમના વિદ્યાર્થીઓને આ પ્રાર્થનાસભામાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

# ભાટ પાસે નદીના પટમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર સપાટો

## એસ.ઓ.જી.ની ટીમે દરોડા પાડી બે ચાલુ ભઠ્ઠીઓ પકડી રૂ. ૧૬ હજારના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે ચોકકસ બાતમીને આધારે સાબરમતી નદીમાં ભાટ પાસે દેશી દારૂની



ભઠ્ઠીઓ ઉપર દરોડા પાડયા હતા. ભાટ નદીના પટ પાસે ધમધમી રહેલી બે દેશી દારૂની ચાલુ ભઠ્ઠીઓ પર દરોડા પાડી એક બુટલેગરને દબોચી લેવામાં આવ્યો છે જયારે એક નાસી છુટયો હતો. એસઓજીની ટીમે રૂ. ૧૬ હજારનો દેશી દારૂ તથા તે બનાવવા માટે વપરાતી સઘન સામગ્રી સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસ.ઓ.જી. પી.આઈ. પરેશ સોલંકીની ટીમે ભાટ સાબરમતી નદીના પટ ઉપર ચાલતા દેશી દારૂના અડ્ડાઓ ઉપર સપાટો બોલાવ્યો હતો. નાઈટ પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમી આધારે ભાટ ગામની સીમમાં નદીના પટમાં શર્મા સાહેબની વાડીની સામે ખુલ્લી જગ્યામાં નાના ચિલોડા વાળા જુગ્નુ નેમચંદ નટના ભઠ્ઠા પર દરોડો પાડી બે ચાલુ ભઠ્ઠીઓ પકડી પાડી હતી. ૧૭૦ લીટર દેશી દારૂ તથા ૨૦૦ લીટર ભઠ્ઠીમાં ઉકળતો વૉશ તેમજ ૨ ૨૦૦ લીટર કાચો વોશ અને ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૧૫,૮૦૦ના મુદ્દામાલ સાથે દલપત છગન મેણાંત નામના શખ્સને પકડી પાડયો હતો જયારે જુગ્નુ નટ નાસી જવામાં સફળ રહ્યો હતો. બંને સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ચૂંટણીના બીજા દિવસે ફરજ પરના કર્મચારીઓને રજા આપવા રજુઆત

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના પ્રમુખ રમેશભાઈ પટેલ, મહામંત્રી દિનેશભાઈ ચૌધરી અને મીડીયા કન્વીનર એસ.કે. પંચોળીએ ચૂંટણી કામગીરીના બીજા દિવસે રજા આપવા માંગણી કરેલ છે.

ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓના સતત કામગીરીના ભારણને ધ્યાનમાં રાખી દૂર દૂરથી આવતા અને કામગીરી પૂર્ણ થયા બાદ મોડી રાત્રે ઘરે જવાથી બીજા દિવસે રજા રાખવા માંગણી ચૂંટણી અધિકારી સમક્ષ કરેલ છે. મહેનતાણું સાતમા પગાર પંચ મુજબ આપવા માંગણી કરેલ છે.

# વૈષ્ણવ પરિષદ ગાંધીનગર દ્વારા પ્રવાસનું આયોજન

આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા તા. ૧૭મી ડિસેમ્બરના રોજ સિદ્ધપુર વડનગર અને ખેરાળુની બેઠક માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. તો જે વૈષ્ણવોને આ પ્રવાસમાં સામેલ થવું હોય તેઓએ સે-૨૧ હવેલી મંદિર કાર્યાલયમાં તા. ૧૪મી ડિસેમ્બર સુધી સાંજના ૪.૩૦થી ૬.૩૦ કલાક દરમિયાન સંપર્ક કરી નામ નોંધાવવા વિનંતી છે. ત્યાર બાદ નામ નોંધવામાં આવશે નહિ જેની વૈષ્ણવોને નોંધ લેવા જણાવાયું છે.

# ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના કલાસ રાહત દરે શરુ કરવામાં આવનાર છે. જેમાં સમાજના ઉત્સુક વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. વધુ માહિતી માટે આપના સેકટર પ્રતિનિધિ અથવા પ્રમુખશ્રી, મંત્રીશ્રીનો સંપર્ક સાધવા મહામંત્રી રાજેન્દ્રભાઈ પ્રજાપતિ (મો. ૯૮૨૫૦ ૨૧૮૫૩)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ચ-૨ પાસે વાયરો કપાઈ જતા ટેલીફોન- ઈન્ટરનેટ સેવા ઠપ

ગાંધીનગર, તા.૨

છેલ્લા ઘણા સમયથી શહેરના નવા સેકટરોમાં કેટલાક વિસ્તારમાં પાણી ઓછા ફોર્સથી આવતુ હોવાની બુમ ઉઠવા પામી હતી. તો કેટલાક ઠેકાણે પાણી નહીવત આવતા ટાંકી પણ ભરાતી ન હોવાનું નાગરીકો કહી રહ્યા હતા. ભર શિયાળે પાણીની બુમો ઉઠતા તંત્રએ તપાસ હાથ ધરતા ચ-૨ પાસે પાણીની



લાઈનમાં લીકેજ માલુમ પડ્યું હતું. પાણીની પાઈપ લાઈન બદલીને લીકેજ તંત્રએ તાત્કાલીક બંધ કરી દીધુ છે. પરંતુ પાણી લીકેજનો પ્રશ્ન હલ કરવા જતા ખાડો ખોદતી વખતે ઈન્ટરનેટ સેવા-ટેલીફોન સેવા તેમજ ચેનલ સહિતના વાયરો કપાઈ જતા વિવિધ સેવાઓ અટકી ગઈ છે. આ વાયરો કપાઈ જતા આસપાસના તમામ વસાહતી ભાઈ બહેનોને અસર થવા પામી છે. ત્યારે જે તે વિભાગમાં ફરિયાદ બાદ જ તંત્ર દ્વારા રીપેરીંગની કામગીરી હાથ ધરાશે ત્યાર પછી જ ટેલીફોન તેમજ ઈન્ટર નેટ સેવા કાર્યરત થઈ શકે છે. જયારે આ સેવાઓ માટે તંત્ર દ્વારા ખાડો યથાવત રાખવામાં આવ્યો છે. કપાઈ ગયેલા વાયરો રીપેરીંગ થાય ત્યારબાદ જ ખાડો પુરવામાં આવશે તેવું સ્થાનિકોનું કહેવું છે. જયારે ખાડો મુખ્ય માર્ગ પર હોવાથી મુશ્કેલી પણ સર્જી શકે છે. રીપેરીંગ થયા બાદ તાત્કાલીક અસરથી ખાડો પુરવામાં આવશે.જયારે એક પ્રશ્ન હલ કરવા જતા બીજો પ્રશ્ન ઉભો થાય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. જો કે પાણીનો પ્રશ્ન તો વસાહતીઓનો હલ થઈ ગયો છે. ત્યારે આ નવો સર્જાયેલ પ્રશ્ન પણ તંત્ર દ્વારા સત્વરે હલ થાય તેમ સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

# રાજકીય માહોલમાં નવી ગુજરાતી ફિલ્મ 'હું નરેન્દ્ર મોદી બનવા માંગુ છું'

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓની મૌસમ બરાબર જામી છે અને થોડાક સમય અગાઉ માધ્યમોમાં પ્રકાશિત થયેલ એક સર્વેના પરિણામો મુજબ હજુ પણ ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકપ્રિયતામાં શિખર સ્થાને બિરાજે છે ત્યારે ગુજરાતી ફિલ્મ નિર્માતાઓમાં પણ નમોનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. કાવ્યા મુવીઝ પ્રોડકશન તથા શ્રી અર્થ પ્રોડકશન થકી પવન પોદ્દાર અને તાન્યા શર્મા નિર્મિત નવી ગુજરાતી ફિલ્મ 'હું નરેન્દ્ર મોદી બનવા માંગુ છું.' આગામી તા. ૧૫મી ડિસેમ્બરે ગુજરાતભરમાં રિલિઝ થઈ રહી છે.

નરેન્દ્ર મોદી અને યુવાનો તથા કિશોરોના પ્રેરણામૂર્તિ રહ્યા છે અને હજુ પણ છે. ફિલ્મમાં આ હકીતત આધારિત વાર્તા છે જેમાં એક કિશોર વયનો બાળક નરેન્દ્ર મોદીને પોતાનો આદર્શ માની મોટા થઈ તેમના તથા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ જેવો બનવા માંગે છે.નમોની જેમ જ ચ્હા વેચતા આ છોકરાના







જીવનમાં રહેલી નકારાત્મકતાઓ અને પડાકરો સામે લડીને જુસ્સાભેર પોતાના ધ્યેયને હાંસલ કરવાની વાર્તા ધરાવતી આ ફિલ્મ ચિલ્ડ્રન ફિલ્મ હોવા સાથે એક મોટિવેશનલ ફિલ્મ છે. આ ફિલ્મ માનવજાત અને સંઘર્ષની હકારાત્મક વાત રજુ કરે છે. ફિલ્મનું દિગ્દર્શન અનિલ નારાયણીએ કર્યુ છે અને સંગીત રાજ ભટ્ટે આપ્યું છે. ફિલ્મમાં કરણ પટેલ, ઓમકારદાસ માણિકપુરી, અંશા સૈયદ અને હિરલ પટેલની અદાકારી છે જયારે દિવ્યકુમાર, શ્રુતિ પાઠક અને ફરિદશબરીએ પાર્શ્વગાયન આપ્યું છે. ચુટણીના માહોલમાં આ ફિલ્મને કેવો પ્રતિસાદ મળે છે તે ફિલ્મ રિલિઝ થયા બાદ જણાશે પરંતુ રાજકીય ગરમ માહોલમાં ફિલ્મે ઘણી ચર્ચા જગાવી છે.

## @ગાંધીનગર

● બ્રહ્માકુમારી સેન્ટર સેકટર-૨૮ ખાતે સવારે ૮ થી ૧ કલાક દરમિયાન સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો પ્રદીપભાઈ સી. શ્રીમાળી, પ્લોટ નં. ૪૩૨/૬, નવુ પરૂ, બોરીજ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● ગાંધીનગર ઉત્તર બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન સાંજે ૫.૦૦ કલાકે પ્લોટ નં. ૪૪૪/૩, પ્રજ્ઞા પેટ્રોલ પંપ પાસે, ઘ-૫ સર્કલ, સે-૧૬ ખાતે કરાશે.

● ગાંધીનગર દક્ષિણ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ગોવિંદજી સોલંકીના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન સવારે ૯.૩૦ કલાકે શકિત કોમ્પ્લેક્ષ ક્રિષ્ણા હોસ્પિટલ સામે મોટા ચિલોડા ખાતે કરાશે.

● માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા ઘ-૪ સર્કલે સવારે ૭.૩૦ કલાકે પુસ્તક પરબનું આયોજન.

## વાતવાતમાં

● ગાંધીનગરના સેકટર-૨૪માં આર્યસમાજ ભવન ખાતે દરરોજ સવારે ૫.૧૫ વાગ્યાથી નિયમિત યોગ શિખવાડવામાં આવે છે. શનિવારે સવારે આ વર્ગમાં આવા યોગાર્થીને શિયાળાની ઋતુને અનુલક્ષીને તાજા આમળાના જયુસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● આગામી વિધાનસબાની ચુંટણીઓમાં ચુંટણી પંચ દ્વારા સો ટકા મતદાન થાય તથા મતદાતાઓને તકલીફ ના પડે તે હેતુથી વિવિધ પગલા ભરવામાં આવી રહ્યા છે. જેમાં દિવ્યાંગ મતદારો માટે સહાયકની સુવિધાનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટના યુવા સ્વયંસેવકો મતદાનના દિવસે દિવ્યાંગ મતદારોને મતદાન મથક સુધી લઈ જવા માટે 'સહાયક'ની સેવા પુરી પાડશે.

● હાર્દિક પટેલ દ્વારા તેની તમામ સભાઓમાં ચુંટણી દરમિયાન પ્રચાર કાર્યાલયો પર ભજીયાનો નાસ્તો કરાવી મતદાતાઓને આકર્ષવાનો પ્રયાસ કરાતો હોવાની બાબતની ખિલ્લી ઉડાવાય છે. આ કારણે ગાંધીનગરના ઉમેદવારોએ ચુંટણી કાર્યાલયો પરના મેનુ બદલવા તજવીજ હાથ ધરી તેના સ્થાને સેવખમણી, ખમણ કે અન્ય કયો નાસ્તો રાખવો તેનો વિકલ્પ વિચારવામાં આવી રહ્યો છે.

# સોમવારે જાગૃત નાગરિક પરિષદની કારોબારી બેઠક

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક તા.૪થી ડિસેમ્બર સોમવારના રોજ સાંજે ૪ કલાકે સેકટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાશે. આ બેઠકમાં સંસ્થાના કાર્યવાહક સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ વિનંતી કરી છે.

## ચિરવિદાય

- સ્વ. મંગીબેન ગોવાજી ઠાકોર, ઉ.વ. ૬૧
- સ્વ. કોકીલાબેન બાદરજી ઠાકોર, ઉ.વ. ૨૫
- સ્વ. ચાવડા સમુબેન ભેમાભાઈ, ઉ.વ. ૬૯
- સ્વ. ચૌહાણ પ્રધાનજી માનાજી, ઉ.વ. ૪૦